# 70th Anniversary of the Establishment of Diplomatic Relations between India and China

April 01, 2020

## ભારત અને ચીન વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાની 70મી વર્ષગાંઠ

એપ્રિલ 01, 2020

1. 1 એપ્રિલ, 2020 નાં રોજ ભારત અને લોક ગણરાજ્ય ચીન વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાની 70 મી વર્ષગાંઠનાં અવસર પર ભારત ગણરાજ્યનાં અને લોક ગણરાજ્ય ચીનનાં રાષ્ટ્રપતિઓ, વડાપ્રધાનો અને વિદેશ મંત્રીઓ વચ્ચે અભિનંદન પાઠવતા સંદેશાઓનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું છે.

2. રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે ચીનનાં રાષ્ટ્રપતિ શી ઝિનપિંગને મોકલેલા પત્રમાં ચીનની સરકાર અને લોકોને 'સસ્નેહ અભિવાદનો, અભિનંદન અને શુભેચ્છાઓ' પાઠવી હતી અને અવલોકન રજૂ કર્યું હતું કે 'ખાસ કરીને છેલ્લા કેટલાક વર્ષોમાં બન્ને પક્ષોએ રાજકીય, આર્થિક અને લોકો-થી-લોકો વચ્ચેનાં જોડાણો સહિતનાં અસંખ્ય ક્ષેત્રોમાં આપણા દ્વિપક્ષીય સંબંધો આગળ વધારવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે.'

3. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ચીનના પ્રીમિયર લિ કેકિયાંગને પાઠવેલા પોતાનાં સંદેશમાં જણાવ્યું હતું કે 'ભારત અને ચીન બે પ્રાચિન સભ્યતાઓ છે, અને સાથે સદીઓ જુનો પારસ્પરિક ફાયદાકારક આદાન-પ્રદાનોનો લાંબો ઇતિહાસ ધરાવે છે. આજે, આપણે બે વિશાળ વિકાસશીલ દેશો અને ઉભરી રહેલા અર્થતંત્રો છીએ જે વૈશ્વિક સ્તર પર વધતા પ્રમાણમાં મહત્વનૂ ભૂમિકા ભજવી રહ્યા છે. તેવી જ રીતે, ભારત અને ચીન વચ્ચેનાં સારા સંબંધો માત્ર આપણા દેશો માટે જ સુવાહક છે તેટલું નહીં, પરંતુ આપણા પ્રાંત અને વિશ્વની શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિનાં દ્રષ્ટિકોણથી પણ મહત્વપૂર્ણ છે.' વડાપ્રધાને એ પણ નોંધ લીધી હતી કે 'કોવિડ-19 મહામારી આપણને આજનાં વિશ્વનાં આંતરજોડાણનાં સ્વભાવની યાદગીરી આપે છે અને તેથી તેનાં તરફ વાસ્તવિક રીતે વૈશ્વિક પ્રતિભાવ ગ્રહણ કરવાની જરૂરીયાત છે" અને તેણે 'આપણી નજીકની વિકાસાત્મક ભાગીદારીને વધારે ઉંડાણ અને મજબૂતી આપવા અને આવનારા વર્ષોમાં તેને વધારે ઉંચાઇઓ પર લઇ જવા' માટે ચીનના પ્રીમિયર સાથે આગળ કાર્ય કરતા રહેવાની આશા વ્યક્ત કરી હતી.

4. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ચીનનાં વિદેશ મંત્રી વાંગ યી ને મોકલેલા તેનાં પત્રમાં ટિપ્પણી કરી હતી કે છેલ્લા સાત દાયકાઓમાં, 'ભારત-ચીન સંબંધો નોંધપાત્ર રીતે વિસ્તૃત થયા છે અને વધતી માત્રામાં વૈવિધ્યતાસભર અને બહુઆયામી બન્યા છે.' તેણે વધુમાં ઉમેર્યું હતું કે કોવિડ-19 ફેલાવાને કારણે, બન્ને બાજુઓ 'આ ઐતિહાસિક વર્ષગાંઠ પર ઉજવવાનું આયોજન હતું તેવી વિવિધ પ્રવૃત્તિઓ કરવા અસમર્થ બની છે. તેમ છતાં પણ, આપણે આવનારા મહિનાઓમાં સહકારની ભાવના સાથે કાર્ય કરવાનું ચાલું રાખવું જોઇએ અને, એકવાર આપણે અને વિશ્વ કોવિડ-19 મહામારી પર નિયંત્રણ મેળવવા સક્ષમ બનીએ, પછી તેની નોંધપાત્રતા અને આપણા બન્ને દેશોનાં લોકોની સામાન્ય મહાત્વાકાંક્ષાઓ યથાર્થ રીતે પ્રતિબિંબિત કરે તે રીતે આ સીમાચિહ્નની ઉજવણી કરીશું.

5. કોવિડ-19 મહામારીનાં કારણે, ભારત અને ચીન રાજદ્વારી સંબંધોની સ્થાપનાની 70 મી વર્ષગાંઠ ઉજવવાનું આયોજન કર્યું હતું તે પ્રમાણેની વિવિધ પ્રવૃત્તિઓની તૈયારીઓ કરવા અને પાર પાડવા હાલમાં સમર્થ નથી. જોકે, કોવિડ-19 મહામારીનાં ફેલાવા દ્વારા ઉભા થયેલા પડકારોનું નિરાકરણ લાવવાનું કાર્ય બન્ને દેશોમાં ચાલું હોવા છતાં, તેઓ આ ઐતિહાસિક વર્ષગાંઠની અગત્યતા અને બન્ને દેશોનાં લોકોની મહાત્વાકાંક્ષાઓને ખરા અર્થમાં પ્રતિબિંબિત કરતી આ ઐતિહાસિક વર્ષગાંઠની યાદગીરી પર તેઓએ ચર્ચાઓમાં જોડાયેલા રહેવાનું ચાલું રાખ્યું છે. હાલમાં બન્ને પક્ષો સાથે મળીને સ્યુક્ત રીતે આ ઉજવણીઓને ચિહ્નિત કરતો લોગો ડીઝાઈન કરવા માટે કાર્ય કરી રહ્યા છે.

**નવી દિલ્હી**
**એપ્રિલ 01, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.